सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૫ એપ્રિલ -૨૦૦૬ અંક - ૫

## વાલીઓને .......

રજાઓ કેટલી ?

વિદ્યાર્થીનાં અભ્યાસનાં ગાળામાં તે સતત અભ્યાસ કરતો રહે તેવું વાતાવરણ જરૂરી છે. આમ છતાં આપણે ત્યાં જે રીતે રજાઓનો ઉપયોગ થાય છે તે પરિસ્થિતિમાં વિદ્યાર્થીને સતત અભ્યાસ કરાવી શકાય તેવું વાતાવરણ ટકતું નથી.

આખા વર્ષ દરમ્યાન રવિવારની આખી રજા અને શનિવારે અર્ધો દિવસ હોઈ તે દિવસે પણ રજાનું વાતાવરણ મહદ્ અંશે રહે છે આ ઉપરાંત આપણા અનેક તહેવારોએ રજા રાખવી જ જોઈએ તેવો એક તર્ક પ્રસ્થાપિત થયો છે. ઉત્સવની ઉજવણીની ભાવના જળવાતી નથી અને છતાં ઉત્સવને દિવસે રજા હોવી જ જોઈએ તેવો આગ્રહ રખાય છે. અમુક ઉત્સવો વિદ્યાર્થી તેમાં સંકળાઈ શકે તેવા અવશ્ય છે પરંતુ તે ગણ્યા ગાંઠયા.

ભારત અનેક પ્રજા, અનેક ભાષાનો દેશ છે તે વાત સાચી, અને ભાવનાત્મક એકતા માણવા ચોક્કસ તહેવારો નક્કી કરીને તે તહેવાર વિશે પૂરું ચિંતન કરીને રજા રાખવી કે કેમ ? તે નક્કી કરવું જોઈએ.

કંઈ પણ તર્કયુક્ત ગણાય તેવી રજાઓ સિવાય પણ અભ્યાસના કામમાં સતત ખલેલ પડે તેવા બનાવો બનતા જ રહે છે. તોફાનો, વાવાઝોડા જેવી કુદરતી આફતો સમયે શાળાઓ ચલાવી ન શકાય તે સમજી શકાય પણ તે સિવાય પણ વર્ષના અનેક દિવસો એવા હોય છે જેમાં શિક્ષણ કાર્ય થતું નથી.

ચૂંટણી, વસ્તી ગણતરી જેવા રાષ્ટ્રિય મહત્વ ધરાવતા મુદ્દાઓને ધ્યાનમાં ન લેવા જોઈએ એમ કહેવું તે બેહુદુ છે. પરંતુ આ બધામાં શિક્ષકોને સામેલ કરવા તે બેહૂદુ છે. તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આ ઉપરાંત પરીક્ષા પણ રજાઓ માટે બહુ મોટુ પરિબળ બની જાય છે. જાહેર પરીક્ષા સમયે અન્ય વિદ્યાર્થીઓનું પણ શિક્ષણકાર્ય ઠપ થઈ જતું હોય છે અને તે પણ અનેક દિવસો સુધી. જે દિવસોમાં માત્ર પરીક્ષા હોય છે, તે દિવસો ઉપરાંત તેની આગળ ને પાછળ પણ ઠીક ઠીક રજાઓ પાડવામાં આવતી હોય છે, જોકે પરીક્ષાની જવાબવહી તપાસવાના કાર્યમાં પણ શિક્ષકોને પણ સામેલ કરવામાં આવતાં અન્ય વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય અટકી જાય છે.

વિદ્યાર્થીઓને જે રજાનો ગાળો હોય છે તે સમયે પણ તેમને અન્ય રીત શિક્ષણાત્મક ઈતર પ્રવૃત્તિ મળી રહે તેવું આયોજન પણ વિચારવું જોઈએ. એક આનંદની વાત છે કે અનેક સંસ્થાઓ આવી પ્રવૃત્તિઓનું આયોજન આવા દિવસોમાં કરતી હોય છે. પરંતુ તેનો લાભ લેવાની તક અત્યંત નાનો સમુદાય કરતો હોય છે.

આ રીતે શિક્ષણમાં જે વેસ્ટેજ છે તેને અટકાવવા માટે વાર્ષિક પરીક્ષાના સમય ગાળા વિશે, નવુ સત્ર શરૂ કરવાનાં સમય ગાળા વિશે, જાહેર પરીક્ષાઓને અનુલક્ષીને આયોજીત કરવાના સમયગાળા વિશે, શાસ્ત્રીય રીતે વિચાર કરીને શિક્ષણનું માળખું રચનાત્મક બને તેવું આયોજન શિક્ષણના હિતમાં અનિવાર્ય છે તેમ લાગે છે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

પહેલાં શાળાની પોતાની પાસે બસ હોઈ વેકેશન દરમ્યાન પ્રવૃત્તિ વર્ગો સુપેરે ગોઠવાઈ શકાતા. આવા વર્ગોની પ્રવૃત્તિઓ કયારેય ભૂલાય તેમ નથી. આજે બે વર્ગોની વાત

**નારગોલ વેકેશન કેમ્પ :**

દક્ષિણ ગુજરાતમાં ભિલાડ પાસે દરિયા કિનારે એક અત્યંત રમણીય સ્થળ તે નારગોલ. મુખ્ય વસ્તી તો માછીમાર તેમજ થોડા પારસીઓ. અહીં શ્રી અરવિંદની ફીલોસોફીથી ચાલતી એક ગૃહશાળા છે. વેકેશનમાં એક માસ સુધી અમે આ શાળાના મકાનમાં વેકેશન કેમ્પ આયોજીત કર્યો. કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ આ ગાળામાં અમે કરી શકયા તેનો આનંદ છે. સવારે વહેલા ઉઠીને પ્રાર્થના કરી શાળાના ડાઈનીંગ હોલમાં નાસ્તો કરી દરિયા કિનારે જતા. દરિયા કિનારે સરુના વૃક્ષો, રેતીનો સુંદર પટ અને સંપૂર્ણ બીનજોખમી દરિયો. તમે ૨૦-૨૫ ફૂટ દરિયામાં આગળ જાવ તો પણ કેડ સુધીનું પાણી. દરિયામાં મોજા પણ બહુ ન ઉછળે એવી શાંત ઋતુ હતી. બધા જ દિવસોએ આ સમુદ્ર સ્નાનનો આનંદ માણ્યો. સમુદ્ર સ્નાન કરીને વિવિધ પ્રવૃત્તિઓ. આ કાર્યક્રમ બેએક કલાક ચાલે અને પછી ભોજન. ભોજન કર્યા પછી કલાકેક આરામ કરીને ફરીથી પ્રવૃત્તિઓ. સાંજે ફરવા જવાનું, રેતીમાં રમવાનું અને નજીકમાં જ ખાડી ઓળંગો એટલે સામે ઉમરગાંવ. રામાયણનું શુટીંગ પણ આ દિવસોમાં જોવાનો લ્હાવો મળ્યો.

**જાફરાબાદ વેકેશન કેમ્પ :**

લીલાછમ પ્રદેશમાં આવેલા નારગોલ કરતાં જાફરાબાદ સૌરાષ્ટ્રના એક પછાત વિસ્તારમાં આવેલું બિનવિકસિત ગામ તે સમયે હતું, પણ ગામનું નાક એટલે અત્યંત પ્રગતિશીલ શાળા.સુંદર લાઈબ્રેરી, વ્યાયામ શાળાનું અલગ આખું મકાન, હવા ઉજાસવાળા મોટા ઓરડા, સુંદર બાંધણીવાળું મકાન. આ શાળામાં અમે એક કેમ્પ આયોજીત કર્યો. શાળાની પોતાની બસો હોઈ અહીં ૧૦-૧૨ કિલોમીટરના અંતરે આવેલા વરાહ સ્વરૂપ અને સરકેશ્વર જેવા સ્થળોએ સમુદ્ર સ્નાનનો પ્રોગ્રામ હોય જ. નારગોલમાં કરી હતી તેવી પ્રવૃત્તિઓ કરવા માટેનું સુંદર વાતાવરણ. સાંજે દીવાદાંડી, ઈદગાહ, સમુદ્રી ભાઠોડામાં જવાની મઝા આ દિવસોમાં લીધી. આવા કેમ્પો ભૂલાતા નથી.

**દિનુભાઈ દવે.**

## વેકેશન - મજા કે સજા ?

'બેન ! આ વખતે તમે વેકેશનમાં કોઈ વર્ગો નથી ચલાવવાના? આટલું લાંબુ વેકેશન, છોકરાં શું કરે ? એવાં તો કંટાળી જાય છે.. એમ થાય છે કે આનાં કરતાં તો સ્કુલ સારી..'

સુજ્ઞાબેને એમનાં દીકરાની મુશ્કેલીની વાત કરી પણ હકીકતમાં એ મુશ્કેલી દીકરાની નહી પણ એમની પોતાની હતી. આખું વર્ષ રોજ અગિયારથી પાંચ સુધી સ્કુલમાં ગોંધાઈ રહ્યાં હોય અને પછી વાર્ષિક પરીક્ષા પતે એટલે માથેથી ભણવાનો ભાર ગયો હોય અને વેકેશન હોય તો છોકરાંઓને રમવાની કેવી મજા આવે ? રજાની મજા માણવાનું છોકરાઓને કેવું ગમે ? પણ મમ્મીઓને એની પાછળનો શ્રમ શરૂ થાય છે, છોકરાંઓ ઘેર હોય એટલે ભાઈબંધો ભેગાં થાય, પ્રવૃત્તિ કરે એટલે જાતજાતની વસ્તુઓ ભેગી કરી આપવી પડે, લેવા મૂકવાનાં સમય સાચવવાના થાય, એમનામાં રસ લેવો પડે, આ બધું કરવાનું, કંટાળી ન જવાય ? કંટાળો માબાપને આવે છે કે બાળકને ? બાળક તો વેકેશનની રાહ જ જોતું હોય... એને ય હળવાફૂલ બની ઘરનો ખૂણેખૂણો માણવો છે. મિત્રો અને સગાસંબંધીઓનો સ્નેહ અને હૂંફ માણવા છે પણ માબાપને તો તેમને કોઈ શિબિરમાં જોતરી દેવા છે. પૈસા ખર્ચી દઈએ, વાંધો નહી પણ પછી આપણે છૂટ્ટા તો ખરાં... રોજ લેવા મૂકવા જવું પડે...પણ એટલા કલાક તો શાંતિ. જે કંઈ શીખશે તે લાભમાં જ છે ને !

આવું પૂછવા આવતાં નાના બાળકોના માબાપને હું કહેતી હોઉં છું બેન ! તમારા દિકરાને પાંચ સાત ભાઈબંધો તો હશે જ ને - એ બધાં જ ભાઈબંધોની મમ્મીઓ પાસે પણ કંઈકને કંઈક આવડત તો હશે જ. પેલા શિબિરને બદલે તમે જ એવું આયોજન કરો કે વારાફરતી રોજ એક છોકરાંને ત્યાં બધાં ભાઈબંધોએ બે કલાક ભેગાં થવાનું. જેને ત્યાં ભેગાં થાય તેનાં મમ્મીએ એમને બે કલાક પ્રવૃત્તિ કરાવવાની. ચિત્ર કરવા અપાય, સંગીતની સરસ કેસેટો સાથે ગીતો ગવાય, હવે તો વાર્તાની ય સરસ કેસેટો આવે છે. રમતો રમાડાય, કોઈકવાર પાસેનાં બાગમાં નાસ્તાનાં ડબ્બા સાથે લઈ જઈને ડાબડા ઉજાણી પણ કરાય, તો કોઈકવાર કાંકરીયા ઝુ માં કે મીની ઝુ માં પણ લઈ જવાય. બાળકને તો એના મિત્રો સાથે હોય અને એકાદ વડીલની સાથે સહભાગીદારી હોય તો કોઈ પણ પ્રવૃત્તિની મઝા તેને માણવી ગમે અને એવું આયોજન કરીએ તો દરેક માતાએ અઠવાડિયામાં ફક્ત બે જ કલાક બાળકો પાછળ ફાળવવાના આવે. એમાં સમયનો અભાવ કે કંટાળાનો પ્રશ્ન જ કયાંથી આવે ? સવાલ કંટાળાનો નથી, બાળકોમાં રસ લેવાની વાત અગત્યની છે બાળકોને વડીલોનો પ્રેમ જોઈએ છે, તેમની હૂંફ જોઈએ છે તેમના તરફથી માવજત જોઈએ છે, પણ એવો સમય આપણને હાથમાં આવે છે ત્યારે આપણે આપણી બાળક તરફની ઉદાસીનતાને બાળકનાં કંટાળાના સ્વરૂપે વ્યક્ત કરીને આપણી જવાબદારીઓમાંથી છૂટવાનો પ્રયત્ન કરીએ છીએ અને આવી શિબિરોની શોધમાં નીકળીએ છીએ.

પહેલાં કયાં આવી શિબિરો થતી હતી ? અરે ! મામા, માસી કાકાનાં ઘરે જઈને બાળક તેના ભાઈભાંડું અને તેના વડીલો પાસેથી કેટલી હૂંફ અને પ્રેમ પામી શકતા ! એને કયારે ય એકલું લાગતું ન હતું, એનું મન પ્રેમથી ભર્યું ભર્યું રહેતું. બીજાને અનુકૂળ થઈને રહેતા શીખતું, સૌની સાથે આત્મીયતા કેળવતાં શીખતું, આજે તો ઘરમાં ય બાળક એકલું અને મામા,માસી કાકાના ઘરે જવાનું ય લગભગ બંધ થઈ ગયું, છોકરાંઓને કોઈનો હાથ કે પગ અડે એ પણ સહન નથી કરી શકતું. બાળકનાં સામાજીકરણ, તેના વ્યક્તિત્વનાં સર્વાંગી ઘડતરમાં આ બધાં જ પરિબળો બહુ મહત્વનો ભાગ ભજવે છે. બાળકને આપણે આપણી દ્રષ્ટિએ જોવાનું નથી, મૂંઝવવાનું નથી, એની દ્રષ્ટિ , એના ગમા અણગમાને ધ્યાનમાં અને કેન્દ્રમાં રાખીને એના વેકેશનને આનંદથી ભરપૂર બનાવવાનું છે. જેથી ઉઘડતી સ્કુલે તે સ્ફૂર્તિલું થઈ નવું ભણવાનું ઉત્સાહથી શરૂ કરી શકે.બાળકને ભણવામાં રસ પડે તે માટે એના વેકેશનનું સુંદર આયોજન પણ એટલું જ મહત્વનું છે. બે મહિનામાં માણેલી હળવાશ બાળકને વર્ષભર પ્રવૃત્તિ માટેની પ્રેરણા પૂરી પાડે છે. એને સમયના બંધનમાં અને ફરજીયાત કરવી પડે એવી પ્રવૃત્તિમાં બાંધી ન દો... એને પસંદગીની પ્રવૃત્તિની અનુકૂળતા કરી આપો. કંટાળો આપોઆપ ટળી જશે.

**ઊર્મિલા શાહ**

### ઋણ સ્વીકાર

ડૉ.બિહારીભાઈ કનૈયાલાલે આ સંસ્થાને ઘણા લાંબા સમય સુધી પોતાની ઉપયોગી સેવા આપી. અત્યંત નાદુરસ્ત તબિયતને કારણે હવે તેઓ આ હોદ્દાની રૂએ રહેવામાં હાજરી આપી શકતા ન હોઈ પોતાની આ જવાબદારીમાંથી મુક્ત થવાની તેમણે ઈચ્છા જણાવી છે. ડૉ.બિહારીભાઈનું પ્રભાવશાળી વ્યક્તિત્વ વિદ્વતા,માર્ગદર્શન આપે તેવું નેતૃત્વ આ સંસ્થાને ઘણા લાંબા સમય સુધી મળ્યું તે બદલ સંસ્થા તેમની ઋણી છે. અમદાવાદના જાહેર જીવનમાં અત્યંત પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિનું પ્રમુખપદનું ગૌરવ સંસ્થાને મળ્યું તે સંસ્થાનું સદભાગ્ય.

સાહિત્ય, સંગીત, વિવિધ કલામાં તેમના ઊંડા રસથી સૌ સુપરિચિત છે. જરૂર પડે તેમનું માર્ગદર્શન અમને મળી રહેશે તેવો વિશ્વાસ છે. ફરીથી તેમનાં ઋણનો સ્વીકાર કરતાં સંસ્થા ગૌરવ અનુભવે છે.

### સંસ્થાનું ગૌરવ

શારદામંદિરની ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની બેન વૈશાલી રાવલને તેણે કરેલ પી.એચ.ડી. માટે કેનેડાની ગવર્મેન્ટ તરફથી ૨૦૦૫નો સુવર્ણચંદ્રક અને અમેરિકન સાઈકોલોજીકલ એસોસીએશન A.P.A. જેવી પ્રતિષ્ઠિત સંસ્થા તરફથી ૨૦૦૫નો એવોર્ડ પણ મળ્યો છે. બેન વૈશાલી અત્યારે શિકાગો યુનિવર્સિટીમાં સાઈકોલોજીનાં લેકચરર છે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે અને બેન વૈશાલીને હજી ઉત્તરોત્તર સિધ્ધિના સોપાનો સર કરવા શુભેચ્છા પાઠવે છે.

૮ મી માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા યોજાયેલ સમારંભમાં ચિ.ક્રિશ્રા પટેલને ક્રિકેટની મહિલા ટીમમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા બદલ રૂ.૪૮૦૦/- ની સ્કોલરશીપનો ચેક ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે એનાયત કરવામાં આવ્યો. એ જ સમારંભમાં ચિ.હેલી શાહને પણ રાષ્ટ્રીય કક્ષાએ સ્કેટિંગમાં ભાગ લેવા બદલ રૂ.૪૮૦૦/- ની સ્કોલરશીપનો ચેક ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે શિક્ષણપ્રધાન મા.શ્રી આનંદીબેન પટેલ પણ હાજર રહ્યાં હતાં.

★★★

માતાપિતાનો પ્રેમ, હૂંફ અને પૂરતું ધ્યાન મેળવવું એ પ્રત્યેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે. જ્યાં સુધી બાળક સ્વતંત્ર ન થાય ત્યાં સુધી માતા નોકરી ન કરે તે હિતાવહ છે. જો સ્ત્રીએ નોકરી કરવી જરૂરી હોય તો તે સંયુક્ત કુટુંબમાં સાસુ-સસરા કે માતાપિતાની સાથે રહે અથવા તો સલાહભર્યું એ છે કે તેને બાળકો જ ન હોય.

**ડૉ.મૃગેશ વૈષ્ણવ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૨૫-૨-૦૬ને શનિવારે તાલીમના બાળકો માટે વેશભૂષા હરીફાઈ યોજવામાં આવી. બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ખૂબ સારી અભિવ્યક્તિથી સરસ રજૂઆત કરી. નિર્ણાયક તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ વાલી શ્રી સેજલબેન રાવલ તથા કો.ઓર્ડિનેટર ઊર્મિલાબેને સેવા આપી. બાળકોના અભિનયને ખૂબ નવાજ્યાં.

શિવરાત્રી વખતે શિવરાત્રીનું મહાત્મ્ય બાળકોને સમજાવ્યું. તે જ રીતે હોળી અને રામનવમી વિષે બાળકોને વાર્તાના તથા નાટકનાં માધ્યમ દ્વારા આ બધાં જ તહેવારો વિષે ખ્યાલ આપ્યો. આપણી સંસ્કૃતિ અને સંસ્કારનું બાળકોમાં સિંચન બાળપણથી જ આવા તહેવારોની આવી ઉજવણીથી થાય છે.

તા.૨૩-૨-૦૬ને ગુરુવારે સાચાબોલા હરણાનું નાટક ભજવવામાં આવ્યુ. બાળકોએ તે ખૂબ માણ્યું.

તા.૧૧-૩-૦૬ને શનિવારે ભક્ત પ્રહલાદના જીવનપ્રસંગોને વણી લઈને નાનકડી નાટિકા ભજવી હોળી પ્રગટાવવામાં આવી. તા.૧૩-૩-૦૬ને સોમવારે 'હોળી ઉત્સવ' નિમિત્તે બાળકોને હોળીના ગીતો ગવડાવ્યા અને કેસૂડાના પાણીથી બાળકોને હોળી રમાડયા. બાળકોએ ખૂબ મઝા કરી.

તા.૨૨-૩-૦૬ને બુધવારે બાલમંદિર બ વિભાગના બાળકો માટે રંગપૂરણી હરીફાઈ યોજાઈ, તેમજ તાલીમના બાળકો માટે તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાઈ. બાળકોએ રંગ અને રેખામાં તન્મય થઈ સુંદર ચિત્રો તૈયાર કર્યા. ચિત્રના માધ્યમથી બાળકો તેમની આસપાસની દુનિયાનું તેમણે કરેલું નિરીક્ષણ આબેહૂબ રીતે આલેખે છે.

તા.૩૦-૩-૦૬ને ગુરુવારે ગુડી પડવા નિમિત્તે બાળકોને લીમડાનો રસ પાવામાં આવ્યો.ગુડી પડવાના પર્વની સમજ આપી અને લીમડાના રસની અગત્ય પણ તેમને સમજાવી. લીમડાનો રસ કડવો હોય છતાં સાથે લીંબુનુ શરબત અને ચોકલેટ આપતાં સૌ બાળકોએ રસ હોંશે હોંશે પીધો.

તા.૩-૪-૦૬ને સોમવારે તાલીમનાં બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજાઈ. આટલા નાના બાળકોએ પણ ખૂબ કાળજીપૂર્વક રીતે મરોડભર્યા અક્ષરે સુલેખન કર્યું.

## શિશુમંદિર

તા.૧૦-૩-૦૬નાં રોજ હોળી ઉત્સવ નિમિત્તે હોળી ગીતોનો સુંદર કાર્યક્રમ યોજાયો. શ્રી પ્રતિમાબેને વ્રજમાં હોળી ઉત્સવને લગતાં કર્ણપ્રિય અને ભાવપૂર્ણ ગીતો વિદ્યાર્થીભાઈબહેનો પાસે તૈયાર કરાવ્યાં હતાં. આખાય કાર્યક્રમનું સંકલન અને રજૂઆત ખૂબ સરસ હતા.

વર્ષ દરમ્યાન યોજેલી વિવિધ આંતરગૃહ સ્પર્ધાઓના પરિણામમાં

| | | |
|---|---|---|
| પ્રથમ | ધવલગિરિ | ૨૯૫ |
| દ્વિતીય | રત્નદીપ | ૨૯૦ |
| તૃતીય | મેઘનાદ | ૨૫૦ |
| ચતુર્થ | ગંગોત્રી | ૨૦૫ |

## વિનયમંદિર

વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ આંતરગૃહ સ્પર્ધાનું પરિણામ

| | | |
|---|---|---|
| પ્રથમ | મેઘદૂત | ૨૧૦ |
| દ્વિતીય | ચંદ્રમૌલિ | ૧૭૦ |
| તૃતીય | પદ્મપુકુર | ૧૬૫ |
| ચતુર્થ | ગીતગોવિંદ | ૧૧૦ |

## વેશભૂષા સ્પર્ધા

તા.૨૫-૨-૦૬ને શનિવારના રોજ બાલમંદિરના તાલીમ વિભાગના બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજાઈ ગઈ. આટલા નાના બાળકને શું બનાવીશું ?કાર્યક્રમની સૂચના આવે ને માબાપનાં મગજમાં તર્ક વિતર્કો શરૂ થાય, બાળકની શક્તિનો, તેના ગમા અણગમા, નિર્ણાયકની દ્રષ્ટિ, કેટકેટલો વિચાર કરવાનો હોય ! સ્કુલમાં આટલા નાના બાળકો માટે આવા કાર્યક્રમો યોજવામાં આવે છે તેની પાછળ તેમનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસનો હેતુ હોય છે. બાળકના સામાજીકરણમાં નિરીક્ષણ અને અનુકરણ મહત્વનો ભાગ ભજવે છે. તે એની આસપાસની દુનિયાનું, તેમાં રહેલાં પાત્રોનું બહુ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરે છે , એ બધાંને તેની શક્તિ પ્રમાણે મૂલવે છે અને પછી એનું અનુકરણ કરે છે. બાળકને જે વાતાવરણ મળે છે તેમાંથી તેનું ઘડતર થાય છે, જે માવજત મળે છે તેમાંથી તેનો વિકાસ થાય છે અને એટલે જ આવા કાર્યક્રમો વખતે બાળકને માટે પાત્રની પસંદગી એ બહુ જ મહત્વની બાબત છે. તેની નાનકડી દુનિયામાં એ પાત્ર તેને વારંવાર જોવા મળતું હોય, એનાં સારા નરસા ગુણોનો તેના બાલમાનસ પર અસર હોય, એ પાત્રને તે આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે છે. આવા કાર્યક્રમથી તેનામાં લોકો સામે અભિવ્યક્તિ કરવાની હિંમત આવે છે, સંકોચ અને ક્ષોભ દૂર થાય છે, આત્મવિશ્વાસ આવે છે. ભવિષ્યમાં આ બધાં પરિબળો એના જીવનની પ્રગતિમાં, ઉજ્જવળ કારકિર્દી બનાવવામાં બહુ મહત્વનો ભાગ ભજવે છે. એટલે જ જ્યારે આ માટે પાત્ર પસંદ કરવાનું આવે ત્યારે તેનામાં ચારિત્ર્યનું ઘડતર થાય તેવા કોઈ આદર્શ પાત્રની પસંદગી કરીએ તો કાર્યક્રમ યોજવા પાછળનો અર્થ સરે.

તા.૨૫-૨-૦૬ના રોજ યોજાયેલ આવા કાર્યક્રમમાં કેટલાક બાળકોની અભિવ્યક્તિ ખૂબ ધન્યવાદને પાત્ર હતી. ધન્યવાદ તો ભાગ લેનાર બધાં જ બાળકો અને એનાં વાલીઓને આપવા જ જોઈએ કારણકે રંગમંચ ઉપર આવીને રજૂઆત કરી તે જ ધન્યવાદ માંગી લે છે અને વાલીઓએ બાળકમાં રસ લઈને એની પાછળ મહેનત કરી તે પણ અભિનંદનને પાત્ર છે. પણ એ બધાં જ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ; સ્વામીનારાયણ સત્સંગી, શ્રવણ , ઝાંસીની રાણી, ભારતમાતા, સાઉથ ઈન્ડીયન સ્ત્રી, ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, કુલી જેવા પાત્રો ખાસ વિશેષ યોગ્યતાને પાત્ર હતા. નાનકડાં બાળકે લાલુ યાદવનું પાત્ર પણ ભજવ્યું તો સારૂં પણ સમાજમાં પ્રતિષ્ઠિત પાત્ર પસંદ થયું હોત તો તે વધુ આવકારદાયક બનત. બાળકોના ઉર્ધ્વગમન માટે, ચારિત્ર્ય ઘડતર અને અભિવ્યક્તિની શક્તિ ખીલે તે માટે આવા કાર્યક્રમો યોજાય છે. તે ક્યારેય આપણે ભૂલવું ન જોઈએ.

**ઊર્મિલા શાહ**

માબાપ બાળકને બધું જ આપી છૂટે છે, માત્ર સમય સિવાય.

**- જ્યોતિષ જાની**

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ સિધ્ધિ મેળવી છે તે માટે સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારીતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| શ્રી એચ.સી.કપાસી સ્ટુડન્ટસ વેલફેર ટ્રસ્ટ વિદ્યાનગર હાઈસ્કુલ | અંજલિ ત્રિવેદી | તૃતીય |
| પેન્ટાલૂન | શિવાની રાવલ | પ્રથમ |
| યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ | હેલી વાયવાલા | ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશન |
| પ્રાર્થના આર્ટ એકઝીબીશન સોસાયટી | પ્રાર્થના ચાલીસહજાર | ચિત્રકલારત્ન એવોર્ડ |
| | **કરાટે** | |
| યોગ એન્ડ માર્શલ આર્ટસ એકેડમી ઓફ ઈન્ડીયા | દ્રષ્ટિ ત્રિવેદી | ગ્રીન II બેલ્ટ |
| અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ | અચ્યુત પંચાલ | બ્લેક બેલ્ટ |

## કયાંક હશે......

ગાંધી કયાંક હશે ભારતમાં !
ગાંધીના સપનાનું ભારત
આજે કઈ હાલતમાં ?
ગાંધી કયાંક હશે ભારતમાં !

કેમ રહ્યા ભ્રમમાં !
ગાંધી કયાંક હશે ભારતમાં !

રાષ્ટ્રપિતા કહી સન્માન્યા
જીવનમાં એમને ન જાણ્યા
ડૂબેલા રહયા સ્વાર્થમાં
ગાંધી કયાંક હશે ભારતમાં !

કયાં શોધવા તેમને ભારતમાં ?
ગાંધી કયાંક હશે ભારતમાં !

ગાંધી સત્ય અને અહિંસા
ત્યાગ અને વિવેકના ચાહક
મહાત્મા કહી બિરદાવ્યા,
ગાંધી કયાંક હશે ભારતમાં !

ગાંધીના સદગુણો
ભૂલાયા જીવનમાં
ગાંધી કયાંક હશે ભારતમાં !

**કરન મોદી**

**ઉનાળુ વેકેશન : ઉનાળુ વેકેશન તા.૮-૫-૦૬થી તા.૧૧-૬-૦૬ સુધી રહેશે. તા.૧૨-૬-૦૬ને સોમવારે નવુ સત્ર શરૂ થશે.**

## શ્રેણી ૪ થી ૭ સુધીના બાળકો માટે પ્રવૃત્તિ વર્ગો

જે બાળકો વેકેશન દરમ્યાન અન્ય પ્રવૃત્તિમાં ન રોકાયેલા હોય તેમને વેકેશન દરમ્યાન પ્રવૃત્તિ આપી શકાય તે હેતુથી જૂના શારદામંદિરમાં તા.૫મી મે થી તા.૪થી જૂન સુધી લગભગ એક મહિનાનાં પ્રવૃત્તિ વર્ગો રાખવામાં આવશે જેમાં એકાગ્રતા કેળવાય તેવી પ્રવૃત્તિઓ, ફોટોગ્રાફી, કમ્પ્યૂટર, ડીજીટલ ફોટોગ્રાફીનું પ્રાથમિક જ્ઞાન, ગ્લાસ પેઈન્ટીંગ, ફૂલ સજાવટ, વકતૃત્વ, લેખન, કોયડા અને ગણિત ગમ્મત તેમજ સોલર કુકરનો ઉપયોગ શીખવા જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ વર્ગનું એક માસનું લવાજમ રૂ. ૪૦૦ રહેશે. જેમને અનુકૂળતા હોય તેઓ ઓફિસમાં આ વર્ગ માટેનું રજીસ્ટ્રેશન કરાવે.

★★★

બાળક એ આપણે મન ખાલી વાસણ છે એમ હું તમને કહીશ તો તમે માનશો નહીં, પણ થોડો વિચાર કરી જુઓ : બાળકનું આપણા ઘેર આગમન થાય ત્યારથી માંડીને એ પહેલી વાર આપણો વિરોધ કરવા જેટલું પુખ્ત થાય ત્યાં સુધી આપણે શું કરીએ છીએ ? આપણાં ખ્યાલો, તરંગો, અધકચરા વિચારો, સપનાંઓ - આ બધું બાળકના મનમાં ઠાંસ્યાં કરતાં હોઈએ છીએ. બાળકને કશુંક બનાવી દેવા આપણે કૃતસંકલ્પ હોઈએ છીએ. આવાં માબાપો પોતાનાં અધૂરા સપનાઓનો ભંગાર બાળકોના મનમાં ઠાલવે છે. બાળક એક સ્વતંત્ર હસ્તી છે એ વાત જ વિસારે પાડી દેવાય છે. બાળકને પોતાનું આગવું રુચિતંત્ર છે, આંતરિક જગત છે, એવો ખ્યાલ જ ઘણાં માબાપોને કયારેય આવતો નથી.

કેટલાંક બહુ પ્રવૃત્તિશીલ માબાપોને બાળકો માટે સમય હોતો નથી. આવા માબાપોના સમયનું રોકાણ પૈસો અને પ્રતિષ્ઠા રળવા માટે થતું હોય છે. આવાં માબાપો બાળકોનું ઘડતર કરવાનો કોન્ટ્રેકટ શિક્ષકોને આપી દે છે. એટલે બાળકને કાં માબાપ દ્વારા ને કાં શિક્ષકો દ્વારા ઉપદેશો ને હુકમો જ ઝીલ્યા કરવા પડે છે.

બાળક એક જયોત છે. દરેક જયોત એકસરખું અજવાળું આપી શકતી નથી, પણ દરેક જયોત - પોતાની શક્તિ અનુસાર - અજવાળું આપી શકે છે તે નક્કી વાત છે ! જયોતને તમે પેટાવી શકો, પવનના ઝપાટાથી એ બુઝાઈ ન જાય તેની તકેદારી રાખી શકો, જરૂર પડયે એની વાટ સંકોરી શકો, પણ તમારે જોઈએ છે એવો ને તમારે જોઈએ છે એટલો પ્રકાશ એણે આપવો જ જોઈએ એવો આગ્રહ ન રાખી શકો. જયોત જેટલો પ્રકાશ આપે એટલા પ્રકાશનું તમારે સ્વાગત કરવું જોઈએ. આવું જ બાળકનું છે. એને તમારે એની રીતે વિકસવા દેવાનું છે. એની શક્તિ કુંઠિત ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું છે. પોતાની શક્તિ મુજબ એ જે કંઈ કરી શકે તેનું સ્વાગત કરવાનું છે.

જેને વાંચતા આવડતું નથી અને જે વાંચતો નથી તે બંને સરખા છે.

**- સંકલન**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com